Received on : 09-07-2026
Registered on : 09-07-2026
Decided on : 18-07-2026
Duration : Y M D
- - 09

**જૂનાગઢના મે. છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**
**ફોજદારી પરચુ.અરજી નં. ૫૫૨/૨૦૨૬.**

આંક-

**અરજદાર.** સંજય ખોડાભાઈ બેલરીયા,
ઉ.વ.૩૨, ધંધો-મજુરી,
રહે. દાનવ નગર, રાવતપરા,
બિલખા, જી. જૂનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**-:: વિરૂધ્ધ ::-**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.
**ગુન્હો :-** પ્રોહીબીશન એટકની કલમ- ૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨) મુજબ.
**સંદર્ભ :-** બીલખા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૦૮૨૬૦૦૭૯/૨૬.

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી ડી.સી.પાઠક.
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.એડી.પી.પી.શ્રી ડી. સી. ઠાકર.

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ બીલખા પો. સ્ટે.ગુ.રજી. નં.

૧૧૨૦૩૦૦૮૨૬૦૦૭૯/૨૬, પ્રોહીબીશન એટકની કલમ- ૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. મદદનીશ સરકારી વકીલશ્રી ડી. સી. ઠાકરનાઓ હાજર થયેલ છે અને આંક-૭ થી તપાસ કરનાર અધિકારીશ્રી ડી. એલ. લાડવા, પો. હેડ કોન્સ્ટેબલ બીલખા પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રી ડી. સી. પાઠક નાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, બીલખા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૦૮૨૬૦૦૭૯/૨૬ થી ગુન્હાની ફરીયાદ આપવામાં આવેલી છે. આ કામેના અરજદાર/આરોપીની તા. ૮-૭-૨૬ ના રોજ અટક કરવામાં આવેલી છે ત્યારબાદથી જયુડીશ્યલ કસ્ટડીમાં રહેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામેનો હાલનો ગુન્હો ઘ્યાને લેતા મેજીસ્ટ્રેટ ટ્રાયેલબ ગુન્હો છે.વધુમાં રજુઆત કરેલ છે કે, ફરીયાદપક્ષના કેસ મુજબ અરજદાર/આરોપી રાહુલનાઓએ દારૂ મંગાવેલ છે અને આરોપી નં.-૧ ભાવેશના ઘરની બહાર દારૂ રાખેલ છે અને ચારેય આરોપીઓ રેઈડ દરમ્યાન પકડાઈ ગયેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામેનુ રેકર્ડ ઘ્યાને લેતા આરોપી નં.-૪ હાલના અરજદાર રાહુલનાઓએ રાજસ્થાનમાંથી પ્રોહીબીશન દારૂ મંગાવેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામેની એફ.આઈ.આર. તથા કેસ પેપર્સ ઘ્યાને લેતા પોલીસને બાતમી મળેલી હતી કે, આરોપી રાહુલનાઓએ પ્રોહીબીશનનો દારૂ મંગાવેલ છે અને તે આરોપી નં.-૧ ભાવેશના ઘરે ઉતારોવનો છે. વધુમાં

પ્રોહીબીશનનો મુદ્દામાલ આરોપી નં.–૧ ના ઘરની બહાર ગાડીમાંથી મળી આવેલ છે, આ ગાડી અરજદાર/આરોપીની માલીકીની નથી. હાલના કામેના અરજદાર/આરોપી મજુર છે. વધુમાં રજુઆત છે કે, હાલના કામેના અરજદાર સપ્લાયર નથી કે ખરીદનાર નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના કામેના અરજદાર/આરોપીને ભાવેશે મજુરી અર્થે બોલાવેલ હતા અને રૂપિયા ૭૦૦ મજુરી આપી હતી. આ કામેના અરજદાર/આરોપી આરોપી નં.–૧ નાએ કામ સોંપતા બોક્સ ઉતારતા હતા, તે બોક્સની અંદર શું હતુ તે હાલના કામેના અરજદાર/આરોપી જાણતા ન હતા જેથી હાલના કામેના અરજદાર/આરોપી સંડોવોયેલ નથી. અરજદાર/આરોપી બિલખા ગામના રહેવાસી છે, નાસી–ભાગી જાય તેમ નથી જેથી અરજીની હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ. એડી. પી. પી. શ્રી ડી. સી. ઠાકરનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામેના અરજદાર/આરોપીનુ એફ.આઈ.આર.માં પ્રથમથી જ નામ રહેલુ છે. વધુમાં ટ્રાયલ કોર્ટ ધ્વારા હાલના કામેના અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરેલી છે તેમાં હાલના કામેના અરજદાર/આરોપીએ ગુન્હામાં ભજવેલ ભુમિકાનુ વર્ણન કરેલ છે. વધુમાં હાલના કામેના અરજદાર/આરોપી પ્રોહીબીશનનો મુદ્દામાલ ઉતારવા માટે મદદગારી કરેલી છે. હાલ આ ગુન્હાની તપાસ ચાલુ છે. આમ, હાલના અરજદાર/આરોપીની ગુન્હામાં મહત્વની ભુમિકા રહેલી છે જેથી અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારીશ્રી ડી. એલ. લાડવા, પો. હેડ કોન્સ્ટેબલ, બીલખા પોલીસ સ્ટેશનનાઓને આંક–૭ નુ

સોગંદનામું ધ્યાને લીધુ તથા રેકર્ડ ધ્યાને લીધુ. આ કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો બનાવ વખતે આરોપી નં.–૪ રાહુલ સન. ઓ. ગભરૂભાઈ મેરામણભાઈ વાળાએ બહારના રાજ્યમાંથી દારૂનો જથ્થો મંગાવી આરોપી નં.– ૧ ભાવેશ સન.ઓ. બાવકુભાઈ હકાભાઈ મકવાણાના મકાનમાં ઉતારતા આરોપી નં.–૩ રમેશ ઉર્ફે પ્રદિપ સન.ઓ. શંકરરામ માનારામ બિશ્નોઈનાએ દારૂનો જથ્થો ક્રેટા ગાડી રજી. નં. જીજે–૧૮–બીએમ. ૯૫૯૨માં હાજર ન મળી આવેલ આરોપી નં.–૫ કૈલાશ ઉર્ફે બડા જાટે ભરાવી આપી તથા આરોપી નં.–૨ સંજય સન.ઓ. ખોડાભાઈ મોહનભાઈ બેલરીયાને ઈંગ્લીશ દારૂની હેરાફેરી/ઉતારવામાં મદદગારી કરી રેઈડ દરમ્યાન ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નં. ૨૭૮૨, કિંમતરૂા. ૪,૮૯,૮૦૪/– તથા ફોરવ્હીલ તથા મોબાઈલ સાથે આરોપી નં.–૧ થી ૪ નાઓ પકડાઈ જઈ તથા આરોપી નં.–૫ હાજર ન મળી આગી ગુન્હામાં એકબીજાની મદદગારી કરેલ છે.

આમ, હાલના કામેના અરજદાર/આરોપી રેઈડ દરમ્યાન સ્થળ ઉપરથી મળી આવેલ છે તેમજ હાલના કામેના અરજદાર/આરોપીનુ પ્રથમથી જ એફ.આઈ.આર.માં નામ રહેલ છે. વધુમાં ગુજરાત રાજ્યમાં દારૂ પ્રતિબંધીત હોવા છતાં મોટા પ્રમાણમાં પ્રતિબંધીત દારૂનો જથ્થો ઘુસાડવામાં આવેલ છે અને રેઈડ દરમ્યાન પકડાઈ ગયેલ છે. જેથી હાલના આરોપી ગુનામા સીધી રીતે ગુનામા સંડાવાયેલ છે. વધુમાં આ કામે અરજદારનો રોલ ધ્યાને લેતા તેઓએ પ્રોહીબીશનનો મુદદામાલ ઉતારવામાં મદદ કરવા અંગેની રહેલ છે. જોકે અરજદાર તર્ફે રજુઆત રહેલ છે કે તેઓ આ બાબતે જાણતા ન હતા તે હાલના તબકકે માની શકાય તેમ નથી. વધુમાં ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં મોટા પ્રમાણમાં દારૂ ઘુસાડવાનુ ષડયંત્રના ભાગરૂપે આવા પ્રકારનુ કૃત્ય કરવામાં આવેલ છે. વધુમાં અરજદાર/આરોપી આટલા મોટો પ્રમાણમાં દારૂનો જથ્થો ગેરકાયદેસર રીતે ઘુસાડવામાં સફળ થાય તો આવા ગેરકાયદેસર દારૂના સેવાનના કારણે ઘણાં બધા લોકોના જીવન ઉપર, કુટુંબ ઉપર વિપરીત અસર થાય. વધુમાં હાલના કામેના

ગુન્હાની તપાસ ચાલુ છે, હાલના કામેના અરજદાર/આરોપીની ગુન્હામાં મુખ્ય ભુમિકા રહેલી છે, વધુમાં આ કામેના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશેતો આવા પ્ર કારની મનોવૃતિ ધરાવતા વ્યકિતઓને પ્રોત્સાહન મળી શકે તેમ છે. વધુમાં પ્રોહીબીશન દારૂના સેવનથી સામાન્ય માણસ પોતાની કમાણીનો મોટોભાગ આવા વ્યસનમાં વાપરી નાખે છે અને તે કારણસર તેના કુટુંબમાં જરૂરી વસ્તુ માટે સંઘર્ષ કરવો પડતો હોય છે અને તે કારણસર તે વ્યકિતના કુટુંબના સભ્યો કે બાળકોનું જીવનધોરણને પણ ખુબ મોટી અસર કરે છે. ઘણા કિસ્સામાં આવી કુટેવથી પીડાતી વ્યકિતના બાળકો ભોજન પણ મેળવી શકતા નથી કે શાળામાં અભ્યાસ કરવાથી વંચિત રહી જાય છે. તેમજ ઘણા કિસ્સાઓમાં આવા દારૂનુ સેવન કર્યા બાદ વ્યકિત પોતાની પત્ની કે ઘરના બાળકોને મારઝુડ કરી તકરાર કરતા હોય છે અને તે કારણસર ગુનાનું ખુબ મોટું સ્વરૂપ ઉદભવવવા પામે છે. વધુમાં દારૂના  સેવનથી વ્યકિત પોતે તો બરબાદ થાય જ છે પણ સાથેસાથે તેનું આખું કુટુંબ પણ બરબાદ થઈ જાય છે. આમ, હાલના કામનો ગુનો ધ્યાને લેતા સમાજ વિરોધી તો રહેલ છે. તેમજ સાથેસાથે દેશમાં રહેલ નાગરીકોના સ્વાસ્થ્ય સાથે છેડા થાય છે. જેથી આવી પ્રવૃતિ દેશ વિરોધી પ્રવૃતિ ગણાય. આમ, હાલના કામના અરજદાર/આરોપી સામેનો ગુનો તે રીતે અતિ ગંભીર પ્રકારનો બની રહે છે. આમ, તમામ હકીકત ધ્યાને લેતા ઉપરોકત ચર્ચાના અંતે અરજદાર /આરોપીની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુકમ ::-</u>**

- હાલના અરજદાર/આરોપી સંજય ખોડાભાઈ બેલરીયા, રહે. દાનવ નગર, રાવતપરા, બિલખા, જી. જૂનાગઢવાળાની બીલખા પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૦૮૨૬૦૦૭૯/૨૬, પ્રોહીબીશન એટકની કલમ- ૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨) મુજબના ગુન્હાના કામેની હાલની રેગ્યુલર જામીન અરજી આથી

નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.

તા.૧૮–૦૭–૨૦૨૬

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)